## B.Com. Sem. - I [Foundation Course]

# ભારતીય કાપડ ઉદ્યોગની ઝાંખી

**પ્રસ્તાવના :-**

ભારતનો ટેક્ષટાઈલ ઉદ્યોગ એ વિશ્વનો અગ્રણી કાપડ ઉદ્યોગ છે. બે દાયકા પહેલા એ અવ્યવસ્થિત અને થોડો પાછળ પડ્યો હતો. પરંતુ આર્થિક ઉદારીકરણ પછી અર્થતંત્રમાં પ્રારંભથી જ આ ઉદ્યોગને આગળ લાવવામાં આવ્યો. કાપડ ઉદ્યોગ માટે જરૂરી ટ્રસ્ટ બનાવવામાં ભારત વિશ્વમાં સૌથી મોટું છે.

ભારત કાપડ ઉદ્યોગ મોટે ભાગે કાપડ ઉત્પાદન અને નિકાસ પર આધાર રાખે છે.

ભારતની કુલ વિદેશી વિનિમયની કમાણી 27% જેટલી છે. જેમાં કાપડ ઉદ્યોગનો ફાળો 14% છે અને GDP માં તેનો ફાળો 3% છે જે દેશમાં કાપડ ઉદ્યોગની મુખ્ય ભુમિકા બતાવે છે.

કાપડ ઉદ્યોગ રોજગારીનું સર્જન કરવામાં સૌથી આગળ છે. આ ઉદ્યોગ રોજગારી અને સ્વરોજગારીની ઘણી તકો ઊભી કરે છે. પોતાના જ ક્ષેત્રમાં રોજગારી આપવા સિવાય તે રોજગારીનાં અન્ય આનુષંગિક ક્ષેત્રો વિકસાવવામાં પણ ફાળો આપે છે. (કાપડ ઉપર વર્ક ડીઝાઈન) ભારતનો કાપડ ઉદ્યોગ 35 મિલિયન કરતાં વધુ લોકો માટે રોજગાર પેદા કરે છે. કૃષિબાદ રોજગારી પ્રદાન કરતું આ સૌથી મોટું ક્ષેત્ર છે.

ભારતીય કાપડ ઉદ્યોગને વિવિધ વિભાગોમાં વિભાજિત કરી શકાય છે જેમાંથી કેટલાકની યાદી નીચે પ્રમાણે છે.

1. કોટન ટેક્સટાઈલ્સ.
2. સિલ્ક ટેક્સટાઈલ્સ.
3. ઉનના કાપડની બનાવટ.
4. રેડીમેડ ગાર્મેન્ટસ.
5. હાથથી ઘડતર કરનારા ટેક્સટાઈલ્સ.
6. શણ અને કાથી

**વર્તમાન સ્થિતિ :-**

આર્થિક ઉદારીકરણ 1991 પછી વૃદ્ધિ અને વિકાસ પામ્યું ભારતનો કાપડ ઉદ્યોગ મુળ ઔદ્યોગિક નિકાસમાં 14% ફાળો આપે છે. ભારતની GDP માં તેનો ફાળો 3% છે અને કુલ નિકાસ કમાણીમાં તેનો ફાળો 27% છે. આ ઉદ્યોગ 35 મિલયન લોકોને સીધી રોજગારી આપે છે. જે કૃષિક્ષેત્ર પછી રોજગારી સર્જન કરતું બીજું અગત્યનું ક્ષેત્ર છે.

નાણાંકીય વર્ષ 2007 માં ફેબ્રિક ઉત્પાદન 52,665 મિલિયન ચોરસ મીટરથી વધીને નાણાંકીય વર્ષ 2011 માં 60,996 મિલિયન ચોરસ મીટર થયું હતું.

આ સમય ગાળામાં કાચા કપાસ (કાચું કોટન) ઉત્પાદન 28 મિલિયન ગાંસડી પરથી 32.5 મિલિયન ગાંસડી થયું હતું.

આ સમયગાળામાં માનવ સર્જિત ફાઈબર ઉત્પાદન 1139 મિલિયન કિલોથી વધીને 1281 મિલિયન કિલો થયું હતું.

નાણાંકીય વર્ષ ૨૦૦૭માં યાર્નનું ઉત્પાદન 5, 183 મિલિયન કિલોમાંથી નાણાકીય વર્ષ 2014 માં 6,233 મિલિયન કિલો થયું હતું ભારતે વિશ્વવેપારમાં કાપડ અને તૈયાર વસ્ત્રોનો ફાળો તાજેતરમાં 4.5% થી વધારી 8% પર પહોંચાડ્યો છે. અને 2020 સુધીમાં US $80 બિલીયન સુધી પહોંચવાનો ટાર્ગેટ ધરાવે છે. કાપડ નિકાસ 2006 માં 17.6 મીલીયન ડોલરથી વધી F.Y. 2010 માં US$ 26.8 મીલીયન થઈ હતી. આજ સમય ગાળામાં ભારત કાપડ વેપારમાં 6.3% નિકાસ સાથે પ્રભુત્ત્વ ધરાવે છે.

નાણાંકીય વર્ષ 2010 માં ભારતની ટેક્ષટાઈલ નિકાસ નીચે પ્રમાણે રહી છે.

| **ટકા** | **વિગત** |
|---|---|
| 2% | વુલ એન્ડ વુલન ટેક્ષટાઈલ |
| 4% | માનવ સર્જિત કાપડ |
| 18% | હસ્તકલા |
| 25% | કોટન ટેક્સટાઈલ |
| 18% | સિલ્ક એન્ડ હેન્ડલુમ |
| 45% | રેડિમેઈડ વસ્ત્રો |
| 2% | અન્ય ટેક્સટાઈલ |

ભારતની ટેક્સટાઈલ નિકાસ અમેરીકી ડોલરમાં

| વર્ષ | ડોલર (મીલીયન) |
|---|---|
| FY:06 | 17.6 |
| FY:07 | 19.1 |
| FY:08 | 22.1 |
| FY:09 | 22.2 |
| FY:10 | 22.4 |
| FY:11 | 26.8 |

### ★ ટેકનીકલ ટેક્સટાઈલ સેગમેન્ટ :-

ટેકનિકલ ટેક્સટાઈલએ ટેક્સટાઈલ ઉદ્યોગનો અગત્યનો ભાગ છે. અગિયારમી પંચ-વર્ષીય યોજનાના વર્કીંગગૃપે આપેલ એસ્ટીમેટ મુજબ ટેકનીકલ ટેક્સટાઈલનું વેચાણ (માર્કેટ સાઈઝ) ૨૦૦૬-૦૭માં US$ 5.29 બિલિયનથી વધી ૨૦૧૧-૧૨માં US$ 10.6 બિલિયન થયુંછે. જે કોઈપણ નિયમનકારી માળખા વગર થયું છે. જ્યારે નિયમનકારી માળખા સાથે તે US$ 15.16 બિલિયન થયું છે.

ટેકનિકલ ટેક્ષટાઈલની વૃદ્ધિ અને વિકાસની સ્કીમનો (Growthand Developmnet Scheme) હેતુ સ્વદેશી ઉત્પાદનનો પ્રચાર અને ફેલાવો કરવાનો તથા વૈશ્વિક તકો ઉભી કરવાનો અને સ્થાનિક (દેશમાં) માંગનું સર્જન કરવાનો છે.

વધુમાં સરકારે US$ 44.21 મિલિયનનું આયોજન ટેકનિકલ ટેક્ષટાઈલને પ્રોત્સાહિત કરવા માટે કર્યું છે. જ્યારે નાણાં મંત્રીએ ચાર નવા સંશોધન કેન્દ્ર આ ઉદ્યોગ માટે સ્થાપ્યા છે. જેમાં મચ્છરદાની, માછલી પકડવાની જાળ, બુટની દોરી, અને તબીબી મોજાના સમાવેશ થાય છે.

વૈશ્વિક ટેકનીકલ તકનીકી ઉદ્યોગ ૧૨૭ અબજ US$ હોવાનો અંદાજ છે. જેમાં ભારતનો ફાળો ૧૧ અબજ બિલિયન US$ (અમેરિકી ડોલર) છે.

★ કાપડ ઉદ્યોગમાં ગર્વમેન્ટનો ફાળો :

૨૦૧૧-૨૦૧૨નાં બજેટમાં અને ફોરેન ટ્રેડ પોલિસી ૨૦૦૯-૧૦ હેઠળ ભારત સરકારે ટેક્ષટાઈલ ઉદ્યોગની નિકાસને પ્રોત્સાહન મળે તે માટે અનેક નીતિઓ ઘડી છે. સેલ્સ માર્કેટ સ્કીમ અને ફોક્સ પ્રોડક્ટ સ્કીમ જે વિવિધ આશય ધરાવે છે. તેનો પણ તેમાં સમાવેશ થાય છે. ઉત્પાદન અને MLFPS ની વિસ્તરણની વ્યાપક ગોઠવણી માટે બજાર લિંક ફોક્સ પ્રોડક્ટ સ્કીમ ઓફ કવરેજ છે. વિશ્વ વેપારમાં ભારતની પ્રોડક્ટનો ફાળો વધે તે માટે ભારત સરકારની વિવિધ સ્કીમ નીચે અને યોજનાઓ નીચે પ્રમાણે છે.

૧. કાપડ ઉદ્યોગમાં ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (FDI) ને આપોઆપ ૧૦૦% મંજુરી છે.

૨. કલ્યાણ યોજનાઓ :-

૧૬૧.૧૦ મિલિયન વણકરો અને આનુષાંગિક કામદારોને હેલ્થ ઈન્સ્યુરન્સ અને જીવન વિમાની પોલિસી, હેન્ડલુમ Weavers કોમ્પ્રોહેન્સીવ વેલફેર સ્કીમ હેઠળ જ્યારે ૭,૩૩,૦૦૦ આર્ટીસ્ટોને સ્વાસ્થ્ય વીમો (રાજીવ ગાંધી શિલ્પી સ્વાસ્થ્ય) વીમા યોજના હેઠળ આપવામાં આવ્યો છે.

૩. E-Marketing :

The Central cottage Industries Corporation of India (COIC) and the Handicrafts and Handlooms Export Corporation of India (HHEG) એ E-Marketing માટે ઘણાં પ્લેટફોર્મ વિકસાવ્યા છે. જે માર્કેટ ઈસ્યુને સરળ બનાવવા માટે છે. તે ઉપરાંત Niche handloom and handicraft Product માટે ૬૦૦ event આખા દેશમાં કરવામાં આવે છે.

૪. Skill Development :-

બારમી પંચવર્શીય યોજના પ્રમાણે Skill Development Scheme નો હેતુ ૨૬,૭૫,૦૦૦ લોકોને પાંચ વર્ષમાં ટ્રેઈન કરવાનો છે. (જેમાં પહેલા બે વર્ષમાં ૨,૭૦,૦૦૦ લોકોને કવર કરવાના છે. જ્યારે પછીનાં ૩ વર્ષમાં બાકીનાને કવર કરી ટ્રેઈનીંગ આપવાનો છે.) આ સ્કીમ ટેક્સટાઈલ ક્ષેત્રના બધા જ પેટા સેક્ટરને પણ આવરી લેશે જેવા કે Textiles and Apparel, Handicrafts, Handlooms, Jute and Sericultule (રણ અને રેશમ)

5. Credit Linkages Scheme :-

ક્રેડીટ ગેરંટી પ્રોગ્રામ હેઠળ ૨૫,૦૦૦ આર્ટીસ્ટોને ક્રેડીટ કાર્ડ આપવામાં આવ્યા છે. અને ૧૬.૫૦ મિલિયન વધારાની અરજીઓને ફોરવર્ડ કરવા માટે ક્રેડીટલીંકેજ સ્કીમના સંદર્ભમાં સહાય આપવામાં આવી છે.

6. Financial Package for Waiver of Overdues :-

ભારત સરકારે US$ 604.56 મિલિયનનું પેકેજ Waiver of Overdue Loans હેન્ડલુમ સેક્ટર માટે જાહેર કર્યુંછે. જે લોનની સમય મર્યાદા પૂરી થઈ ગઈ છે, તેવી લોન અને 31st માર્ચ 2010 સુધીના વ્યાજને માફ કરવામાં આવ્યું છે. આ રકમ સરકાર દ્વારા ભરવામાં આવી છે. જે. કાપડ ઉદ્યોગના ૩,૦૦,૦૦૦ હેન્ડલુમ વિવર્સને અને ૧૫,૦૦૦ સહકારી મંડળીને લાભ અપાવશે.

7. Textiles Parks :-

ભારત સરકારે ૫૦ નવા ટેક્સટાઈલ પાર્કને મંજુરી આપી છે જે ૩૬ મહિનામાં ઉભા કરવામાં આવશે. જે ૪,૦૦,૦૦ લોકોને રોજગારી આપશે. જેમાં એપરલ અને ગારમેન્ટ પાર્ક, hoisery parks, technical textiles, medical textiles, carpet and powerloom parks છે.

8. Other government initiative Scheme for Integrated textile parks, 2005.

આ સ્કીમ સેગ્મેન્ટેશનની વિકનેસને દુર કરવા માટે અને ક્વાલીટી ઈન્ફ્રાસ્ટ્રકચરની ઉપલબ્ધી થાય તે માટે મુકવામાં આવી છે. પંચવર્ષીય યોજના (૨૦૦૭-૨૦૧૨)માં US$ 2.91 બિલિયન (INRs 140 બિલીયન)ની યોજના મુકવામાં આવી છે કે જે દશમી પંચવર્ષીય યોજનાથી ચાર ગણી (INR 35.8 બિલિયન વધુ છે.)

૯. Policy and regulatory frame work :-

ટેક્સટાઈલ મીનીસ્ટ્રીએ કાપડ ક્ષેત્રમાં કાપડ મંત્રાલય નીતિની રચના, આયોજન, વિકાસ અને નિકાસ પ્રોત્સાહન માટે અને વેપાર નિયંત્રણ માટે જવાબદારછે. જેમાં બધા જ કુદરતી અને માનવ સર્જિત Cellulosic ફાઈબરનો ઉપયોગ કાપડ બનાવવા, હેન્ડીક્રાફ્ટ વગેરે માટે National Textile Policy 2000 કાપડ ઉદ્યોગના સંપૂર્ણ વિકાસ માટે બહાર પાડવામાં આવી હતી. જેમાં ફોક્સ કરવામાં આવેલા ચાવીરૂપ areas નીચે પ્રમાણે છે.

(૧) ટેકનોલોજીમાં સુધારો.

(૨) ઉત્પાદક્તામાં વધારો

(૩) ગુણવત્તાની સજાગતા.

(૪) રો-મટીરીયલની મજબુતાઈ

(૫) પેદાશનું રૂપાંતર

(૬) નિકાસ સંશોધન અને બજાર વ્યૂવહરચના

(૭) નાણાંકીય વ્યવસ્થા

(૮) રોજગારીની તકોમાં વધારો

(૯) માનવ સ્ત્રોત્રનો વિકાસ

10. Technolgoy mission on cotton (TMC) 2000

કોટન ઉત્પાદન અને પ્રોસેસીંગને લગતી આ નીતિ છે. આયોજના કપાસ ઉત્પાદન અને પ્રોસેસીંગ સેક્ટર અને કપાસ સ્થિર આવક આપતું આર્થિક ક્ષેત્ર બને તે હેતુથી મુકવામાં આવી છે.

★ **કાપડ ઉદ્યોગની સિદ્ધિઓ :-**

**1. Recent Development :-**

દેશમાં Indian Apparel Sector માં થયેલા નિકાસનાં આંકડા જોતા બાંગ્લાદેશે બે Special Economic Zones (SEZ) ઉભા કર્યા છે. જે ભારતીય કંપનીઓને આકર્ષવા અને બે દેશો વચ્ચેનાં વેપારને ડ્યુટી ફ્રી કરવાનો વ્યુહ રાખી યોજના ઘડવામાં આવી છે. આ માટે કિશોરીગંજ અને ચટાક (Chattak) માં ૧૦૦ એકર જમીન ઉપર આ બે Sez ઉભા કરવામાં આવ્યા છે.

૨. ઈટાલીયન લકઝરી મેજર Canaliએ જિનેસિસ લકઝરી ફેશન સાથે જોઈન્ટ વેન્ચરમાં દાખલ થયા છે. જે અત્યારે વહેંચણીના રાઈટ સાથે Canali-branded Products in India કંપની તરીકે Canali Branded Products ને ભારતમાં હવે સંપૂર્ણપણે વેચાણ કરી શકશે. જે ભારતીય કાપડ ઉદ્યોગના વિકાસને જોઈને ભારતમાં પ્રવેશી છે જે આ ઉદ્યોગની સિદ્ધિ છે.

૩. કાપડ ઉદ્યોગમાં રહેલી વિકસવાની તકોને ધ્યાનમાં રાખી ભારતમાં તમિલનાડું, ગુજરાત, આંધ્રપ્રદેશ, કર્ણાટકમાં ચાર સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZs) શરૂ કરવામાં આવ્યા છે. તમિલનાડુમાં મહીન્દ્રા સીટી Sez જે ૬૦૭.૧ એકરમાં ઉભું કરવામાં આવ્યું છે. તે એપરલ અને ફેશન એસેરીઝ માટે તે જાણીતું છે.

- ગુજરાતમાં Surat Apparal Park 56 એકરમાં ટેક્સટાઈલ માટે ઉભું કરવામાં આવ્યું છે.
- આંધ્રપ્રદેશમાં Brandix India Apparal City ટેક્ષટાઈલ માટે ઉભું કરવામાં આવેલું છે. જે ૪૦૪.૭ એકર એરીયામાં છે.
- કર્ણાટકમાં KIADB ટેક્ષટાઈલ માટે સ્પેશિયલ ઈકોનોમિક ઝોનછે.
- મહીન્દ્રા સીટી એ ભારતની પહેલી શરૂ થયેલી વેપાર સીટી છે. જેવેપાર અને લાઈફ સ્ટાઈલ Zones માં વહેંચાયેલી છે. જે Plug-n-play working spaces provide કરે છે. ડોમેસ્ટીજ માર્કેટનો ટાર્ગેટ કરે છે. જે રહેઠાણ યુનિટસ, સ્કુલ, મેડીકલ, સેન્ટર, Malls, બિઝનેસ ડીટેલ અને Receration facilities ઓફર કરે છે.

૪. ચાર કાર્યાત્મક સેઝ ઉપરાંત ૧૩, સૈદ્ધાંતિક, ૧૯ ઔપચારિક અને ૧૨ સુચિત સેઝ ભારતમાં મંજુર થયા છે.

૫. કાપડ ઉદ્યોગે જાન્યુઆરી ૨૦૦૦ થી જુન ૨૦૧૧ સુધીમાં વિલનીકરણ અને હસ્તાંતરણ સોદાઓ માટે સ્થાન મેળવ્યું છે. ટોચનાં પાચ વિલીનીકરણ અને હસ્તાંતરણ સોદાઓ નીચે પ્રમાણે છે.

| Top 5 Deal | Acquires Name | Target Name | Target Deal (USD Million) |
|---|---|---|---|
| 1. | Krishna Class Pvt. Ltd. | Soma Textiles and Indus. Ltd. | 600.5 |
| 2. | AAA United BV | Bombay Rayon Fashions Ltd. | 968.0 |
| 3. | BR Machine Tools Pvt. Ltd. | Bombay Rayon Fashions Ltd. | 721.1 |
| 4. | Group of Investors | Provogup (India) Ltd. | 526.9 |
| 5. | Spentex Industries Ltd. | Indo Rama Textiles Ltd. | 447.6 |

# PHARMA INDUSTRY

## Overview of The Industry

### 1. Background પ્રસ્તાવના :

લાખો લોકોને રોજગારી આપવામાં અને જરૂરી દવા ખર્ચી શકે તેવી કિંમતમાં આપવામાં ફાર્મા ઉદ્યોગ સફળ રહ્યું છે. - રીચાર્ડ ગેસ્ટર (Rochand Gester)

ભારતનું ફાર્માસિટીકલ સેક્ટર લાંબા સમયથી ચાલતું આવ્યું છે. ૧૯૭૦માં હેલ્થકેર પ્રોડક્ટ સહિતની દેશની ૯૫% દવાની જરૂરિયાત તે પુરું પાડતું હતું.

ભારતની સાયન્સ બોઝ ઈન્ડસ્ટ્રીમાં ફાર્માસીટીકલ ઈન્ડસ્ટ્રીઝ વિશાળ રેન્જ કોમ્પ્લેક્ષ ફોલ્ક (વિવિધ રીતે એકબીજા સાથે સંકળાયેલ) ડ્રગ મેન્યુફેક્ચરીંગ અને ટેકનોલોજીની સ્ટ્રોંગ કોમ્પ્લેક્ષ ફીલ્ડ સાથે આજે તે ભારતમાં પ્રથમ છે. ભારતની ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ ટર્મસ એન્ડ ટેકનોલોજી, ગુણવત્તા અને રેન્જ ઓફ મેડીસીન મેન્યુફેક્ચરીંગમાં ત્રીજી દુનિયામાં ઉંચા રેન્ક સાથે છે. સામાન્ય માથાના દુઃખાવાની ગોળીથી લઈને સોફી સ્ટીકેટેડ એન્ટીબાયોફીક્સ અને જટીલ કાર્ડીયાક કમ્પાઉન્ડ, મોટા ભાગની બધી જ દવાઓ હવે આપણાં દેશમાં જ બને છે.

★ **ભારતીય ફાર્મા ઉદ્યોગ :-**

ભારતીય ફાર્મા ઉદ્યોગ તેના ગુણવત્તાવાળા ઉત્પાદકોને અને યુનિટોને USA અને UK ની માન્યતા અને નિયંત્રણ હેઠળ એટલે કે તેમની ઓથોરીટી મેળવવા બાબત પ્રોત્સાહિત કરેછે. જેના કારણે આંતરરાષ્ટ્રીય કંપની આ સેક્ટર સાથે જોડાઈને ભારતીય ફાર્મા ઉદ્યોગને આગળ ધરાવે છે. તેને પ્રોત્સાહિત કરે છે. તેને ચકાસે છે. ૫૩ વર્ષથી ચાલતું આવતું આ સેક્ટરને ગ્રુપ લીડિંગ મુવમેન્ટ

ડાયનેમિક ડેવલપમેન્ટ આપી ભારતને દુનિયાના ફાર્માસીટીકલ નકશા ઉપર મુકવામાં મદદરૂપ કરે છે.

ભારતીય ફાર્માસીટીકલ ઈન્ડસ્ટ્રીઝ ૨૦,૦૦ થી વધારે નાના અને અલગ રજીસ્ટર થયેલા યુનિટોએ ધરાવો છે. બજારમાં કિંમત હરિફાઈને કારણે અલગ-અલગ કિંમત ધરાવતા હોવા છતાં તે ગર્વમેન્ટ દ્વારા Price કંટ્રોલથી નિયંત્રણ છે. આ સેક્ટર છેલ્લા બે દાયકામાં ખુબ જ મજબુતાઈ સાથે ફેલાયું છે અને તેણે ભવિષ્યમાં ખુબ જ આગળ સુધી સફળ રીતે ટકી રહેવાની ક્ષમતા પ્રાપ્ત કરી છે.

આ સેક્ટરના ૨૫૦ મોટા યુનિટસ ૭૦% માર્કેટને કંટ્રોલ કરે છે. અને માર્કેટ લીડર માર્કેટ શેરના ૭% ની નજીક શેર ધરાવે છે. 'Core of Pharmaceutical Industries of India' ના માળખા હેઠળ ૮૦૦૦ નાના પાયાની પેઢી એક સાથે સંકળાયેલી છે. જેમાં ૫ સેન્ટ્રલ પબ્લીક સેક્ટર યુનિટનો પણ સમાવેશ થાય છે. આ યુનિટને ફાર્માસ્યુટીકલ ફોર્મ્યુલેશનની કમ્પ્લેટ રેન્જ ઉત્પાદન કરે છે. દર્દીને વાપરવા માટે તૈયાર દવાઓ અને ૩૫૦ ડ્રગ્સનો જથ્થો થેરેપીટીક વેલ્યુવાળા કેમિકલ્સ (કેન્સર જેવા રોગમાં આપવામાં આવતી વિવિધ થેરેપી જેવી કે કીમો થેરેપી) અને ફાર્માસીટીકલ ફોમ્ર્યુલેશનના ઉત્પાદન માટે ઉપયોગમાં લેવાતા કેમિકલ્સ મોટા ભાગના ડ્રગ્સ અને ફાર્માસ્યુટીકલ પ્રોડક્ટનું ઉત્પાદન લાયસન્સ સાથે કરવામાં આવે છે. ડ્રગ કન્ટ્રોલ ઓથોરીટી દ્વારા આપેલ લાયસન્સની સમય મર્યાદા સુધીમાં ઉત્પાદકો કોઈપણ ડ્રગ્સ ઉત્પન્ન કરવા માટે મુક્ત છે.

મજબુત ટેકનોલોજી અને પુરેપુરી સ્વતંત્રતા વાળી ફાર્માસ્યુટીકલ ઈન્ડસ્ટ્રીઝ ભારતમાં નીચા ઉત્પાદન ખર્ચ નીચા R & D (Research and Development) ખર્ચ સાથે નવ સંશોધન કરનારા સાયન્સના વૈજ્ઞાનિકોના વિશાળ વર્ગ સાથે વિવિધ સાધનોથી ભરપુર કાર્યક્ષમ લેબોરેટરીઝ ધરાવે છે અને વિદેશી હુંડિયામણમાં વધારો કરી વિદેશ વેપારની લેણ-દેણ તુલાને સમતોલ કરવામાં અગત્યનો ફાળો આપે છે.

કિંમતની દૃષ્ટિએ જોતા કુલ ભારતીય પ્રોડક્ટ વર્લ્ડ માર્કેટમાં ૧૩% નો ફાળો ધરાવે છે અને જથ્થાની રીતે જોતાં ૮% નો ફાળો આપે છે.

ભારતમા માથાદીઠ દવાનો વપરાશ US% ૩ છે જે દુનિયાના અન્ય દેશો કરતા ઘણો નીચે છે. જાપાનમાં US $ 412, જર્મનીમાં US $ 222 અને USA માં US $ 191 છે.

**Current Status :- (વર્તમાન સ્થિતિ)**

ભારતની ફાર્માસીટીકલ ઈન્ડસ્ટ્રીઝ દર વર્ષે ૧૪% ના દરે વિકાસ પામે છે જે US $ 9.11 બિલિયન જેટલું થાયછે. જે વિકાસ પામતા દેશમાં ખુબ જ વિશાળ અને ખુબ જ એડવાન્ટેજ છે. વર્ષ ૨૦૦૯માં ભારતની ફાર્માસ્યુટીકલ ઈન્ડસ્ટ્રીઝે US $ 11.6 બિલિયનની માર્કેટ સાઈઝ મેળવી છે.

જાન્યુઆરી ૨૦૦૫માં General Agreement on Trade and Tariff ની સાઈન સાથે ભારતે ગ્લોબલ પેટન્ટની માન્યતા મેળવી શરૂઆત કરી ત્યાર બાદ તરત જ ભારતીય ફાર્માસ્યુટીકલ ઈન્ડસ્ટ્રીએ ફોરેન કંપનીઓને માલ આપી તેઓની વચ્ચે પોતાનું આગવું મજબુત સ્થાન મેળવી લીધું. ૨૦૦૨-૦૬ નાં શરૂઆતનાં સમયગાળા દરમિયાનના CAGR ના ૬૨.૬% વિકાસ સાથે ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટમાં દેશની ફાર્મસી ઈન્ડસ્ટ્રી US$ 172 મિલિયનને ૨૦૦૫-૦૬માં આંબી ગઈ હતી. ૧૮૦

દિવસના એક્સલ્યુઝીવ પિરિયડ સાથે US માર્કેટમાં ''ન્યુ જેનરીક ડ્રગ્સ લોન્ચ કરી સપ્ટેમ્બર ૨૦૦૬માં વિકાસની મજબુત રેકોર્ડ કર્યો. ટોપ ટેન ફાર્મસી કંપનીએ US $ ૩૧૪.૩ મિલિયન ચોખ્ખો નફો સાથે આકર્ષક ૫૭% નો વિકાસ નોંધાવ્યો. જ્યારે પાછલા વર્ષે US $ 200.7 મિલિયન ચખ્ખો નફો હતો. જ્યારે ચોખ્ખુ વેચાણ ૫૧% હતું જે US $ 1.7 બિલિયન જેટલું હતું.

★ **ભારતીય ફાર્મા ઉદ્યોગની સિદ્ધિઓ :-**

૧. લંડન રીચર્સ કંપની ગ્લોબલ ઈન સાઈડની ગણતરી પ્રમાણે ૨૦૦૭ના વર્ષ દરમ્યાન ભારતની કંપનીનો ફાળો આ ક્ષેત્રે ૪% થી વધીને ૩૩% થયો છે.

૨. ફાર્મા કંપનીએ પોતનો ફોક્સ માત્ર ઉત્પાદન ક્ષેત્રે જ નહી પરંતુ નવા સંશોધન ઉપર પણ રાખ્યો છે. ભારતની દરેક કંપનીએ રીસર્ચ અનેડેવલમેપન્ટ માટે પોતાની લેબોરેટરી ઉભી કરી છે અને સાથે સાથે તેઓને CDRI, HCT જેવી રીસર્ચ અને ડેવલપમેન્ટ સંસ્થા સાથે જોડાણ પણ રહ્યા છે. R & D એ ફાર્મા ઉદ્યોગની ભવિષ્યની ચાવી છે. તેમજ આંતર રાષ્ટ્રીય ક્ષેત્રની રિસર્ચ અને ડેવલોપમેન્ટ માટે પોતાની લેબોરેટરી ઉભી કરી છે. અને સાથે સાથે તેઓનો સાથે જોડાણ વધ્યા છે.

૩. ભારતની ફાર્મા કંપની નવી વૃદ્ધિની તકો હવે ક્લીનીકરણ રીસર્ચ, કોન્ટ્રાક્ટ રીસર્ચ, ઉત્પાદન અને સંશોધન ક્ષેત્રે શોધી રહી છે.

૪. ભારતની ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ R & D પાછળ ટર્ન ઓવરના ૧.૮% ખર્ચ કરે છે. જે, વિદેશી કંપનીઓની સામે ઓછું છે. આમ છતા ભારતની ઘણી કંપની રીસર્ચ અને ડેવલપમેન્ટ પાછળ આની સરખામણીએ વધુ ખર્ચ કરે છે.

૫. આગામી ૮-૧૦ વર્ષમાં નવી ૨૦૦-૨૫૦ જેટલી ડ્રગ્સ ગ્લોબલ ફાર્મા કંપની લોંચ કરવાની ઈચ્છા ધરાવે છે. જે ૩.૫ બિલિયન US$ જેટલી થાય છે.

૬. ભારતની ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ તેના સમૃદ્ધ વૈજ્ઞાનિક ટેલેન્ટ સાથે અસરકારક ખર્ચ એટલે કે ઓછામાં ઓછા ખર્ચ ઉત્પાદન કરે છે. આથી Cost Benefit Ratio ઊંચો રહેવાથી નફાનું પ્રમાણ વધારી શકે છે.

૭. વિશ્વમાં વિવિધ પ્રકારની દવાની માંગમાં વધારો થઈ રહ્યો છે જે માટે મુખ્ય જવાબદાર પરિબળો નીચે પ્રમાણે છે.

(i) વિશ્વમાં વસ્તીના પ્રમાણમાં થયેલો ઝડપી વધારો.

(ii) વિશ્વમાં આર્થિક વિકાસને પરિણામે આવકમાં થયેલો સારા પ્રમાણમાં વધારો.

(iii) સારી ગુણવત્તાવાળી હેલ્થકેર સર્વિસની માંગમાં થતો વધારો.

(iv) જીવનની રહેણીકરણી (life Style) બદલાતા રોગો પણ વિવિધ પ્રકારના જોવા મળે છે. જેથી નવી નવી દવાઓની જરૂર ઉદ્ભવે છે.

૮૫% થી વધુ દવાનું વેચાણ દેશના બજારમાં થાયછે. દેશના લોકો દ્વારા થતી દવાની માંગ દેશની કંપની જ પુરી પાડે છે. અમુક જ લાઈફ-સેવિંગ દવા જે અન્ય દેશના પેટન્ટ હક હેઠળ હોય છે. તેની આયાત કરવી પડે છે. ભારતમાં દેશની જ ફાર્મા કંપની દ્વારા રૂા. ૧૬૦ બિલિયનનું વેચાણ થાય છે જે દર વર્ષે ૧૦% ના દરે વધે છે.

૮. **નિકાસ**

- ભારતની bulk drug production નાં ૬૦% નિકાસ કરવામાં આવે છે જે રૂપિયા ૫૮૭ બિલિયન જેટલું છે.

- નિકાસમાં દર વર્ષે 30%ની વધારો થતો જાય છે.
- ભારતની નિકાસ હાલમાં US$ 6 મિલિયન છે જ્યારે વિશ્વમાં જે નિકાસનું પ્રમાણ છે તે US$ 550 બિલિયન છે પરંતુ નોંધપાત્ર બાબત એ છે કે ભારતની નિકાસમાં દર વર્ષે ૧૦% નો વધારો થતો જાય છે. જ્યારે કે પુરા વિશ્વમાં તેનો વૃદ્ધિ દર ૭% છે. વિશ્વની નિકાસના કુલ જથ્થાના ૮% જથ્થો ભારત દ્વારા નિકાસ કરવામાં આવે છે. જે ચોથા ક્રમે છે અને કુલ જથ્થામાં 30% ના દરે દર વર્ષે વધારો થતો જાય છે.

૯. ભારતની Cipla, Nicholar, Piramal, Ranbaxy, Zydus, Cadila, Dr. Reddy's આ ફાર્મા કંપનીએ તેમની ગુણવત્તાવાળી પ્રોડક્ટને કારણે વિશ્વ લેવલે પ્રસિદ્ધિ છે.

૧૦. ભારતમાં જે દવાઓની આયાત કરવામાં આવેછે તે છેલ્લા ૫ વર્ષમાં માત્ર ૨% જેટલી છે અને હાલના વર્ષમાં તે ઘણી ઓછી થતી જાય છે.

૧૧. ભારત આ ક્ષેત્ર માટે ૧,૧૫,૦૦૦ સાયન્ટીસ્ટ માસ્ટર ડીગ્રી સાથે ૧૨,૦૦ Ph.D. કેમેસ્ટ્રી સાથે

૧૨. ચાલુ નાણાંકીય વર્ષના ઓગષ્ટ મહિનામાં ઘરેલું દવા બજારમાં નફામાં ૧૩.૭૦% નો વધારો થતા રૂા. ૬૫૯૪૯ કરોડ થયો હતો. બજાર વર્તુળમાંથી પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે ઓગષ્ટ મહિનામાં પુરા થયેલા દર મહિનાના ગાળામાં વૃદ્ધિનો દર ૧૬.૯૦% હતો ઉપરાંત સન ફાર્માએ ૨૭%, ઝાઇડસ કેડિલાએ ૨૦ ટકા તથા ફિઝરએ ૧૪.૪૦% ગ્લેક્સો સ્મિથ લાઈન એ ૧૯.૧૦ ટકાની વૃદ્ધિ નોંધાવી હતી તેમ જ દેશની ટોચની ૧૦ કંપનીઓએ ૭% થી ૮% વચ્ચે વૃદ્ધિ નોંધાવી છે. થેરાપીની દૃષ્ટિએ ક્રોનિક થેરાપીને લઈ ઓગષ્ટ ૨૦૧૨માં સારો દેખાવ રહ્યો હતો.

ઓગષ્ટ મહિનામાં એન્ટી ડાયાબીટીસને લઈ ૨૩.૪૦% બજાર રહ્યું હતું, જે ઓગષ્ટ ૨૦૧૨ માં ૩૦.૯૦ ટકાવી વૃદ્ધિ રહી હતી. જ્યારે બજારની દૃષ્ટિએ જોઈએ તો ઓગષ્ટ ૨૦૧૨ માં વૃદ્ધિ ૭.૩૦ ટકા રહી છે. જે જુલાઈની તુલનામાં વધારે સારો ગાળો બની રહ્યો છે.

### ★ ફાર્મા ઈન્ડસ્ટ્રીઝના વિકાસમાં સરકારનો ફાળો :-

હાલમાં ભારતની વસ્તી ૧ બિલિયીન છે. જે ૨૦૨૫ સુધીમાં ૧.૬ બિલીયન થવાની સંભાવના છે. જે ભારતને દુનિયાના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશના દરજ્જામાં મુકશે. એક ગણતરી પ્રમાણે ૨૦૨૫ માં ૧૮૦ મિલિયન વસ્તી ૬૦ વર્ષની ઉપરની વ્યક્તિઓની હશે. જે ૨૦૦૪ માં ૬૩ મિલિયન હતી. જે બતાવે છે કે ભવિષ્યમાં ફાર્મા કંપનીની પ્રોડક્ટની માંગમાં વધારો થશે. જેથી સરકારે આ ક્ષેત્રેના વિકાસ માટે ઘણાં સુધારા અને આર્થિક સહાય કરી છે.

૧. ભારત સરકારે પોતાના જાહેર ખર્ચમાં ૦.૯% નો ખર્ચ હેલ્થ કેર માટે ૧૯૯૯માં કર્યો હતો. જે ૨૦૧૦ માં ૨% કરવાનું નક્કી થયું હતું.

૨. ભારત સરકાર ફાર્મા કંપનીના વિકાસ માટે ફોરેન ઈન્વેસ્ટમેન્ટ વધે તેવી નીતિ ઘડી રહી છે.

૩. ઈકોનોમિક ઝોન અને પછાત પ્રદેશોમાં ફાર્મા કંપની સ્થાપવામાં આવે તો તેને કરવેરામાંથી બાકાત રાખવામાં આવે છે.

૪. નિકાસ કરીને કમાયેલ નફા ઉપર (deduction) આપવામાં આવે છે.

૫. મંદીમાં રાહત દરે અલાઉન્સ આપવામાં આવે છે.

૬. રીસર્ચ અને ડેવલપમેન્ટ પાછળ થયેલ મુડી રોકાણમાં કપાત (deduction) આપવામાં આવે છે.

૭. ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટને ભારત સરકારે ૧૦૦% કરમુક્તિ આપી છે.

## ★ ફાર્મા ઉદ્યોગ સામે રહેલ સમસ્યા અથવા ચેલેન્જ :-

૧. કંપનીએ નવા માળખા પ્રમાણે કુલ છુટક કિંમતના વધારેમાં વધઆરે ૧૬% ટેક્ષ આપવાનો હોય છે પરિણામે કંપનીઓ ટેક્ષ ફ્રી રાજયમાં જેવા કે હીમાચલ પ્રદેશ, જમ્મુ અને કશ્મીર, ઉત્તરાંચલ અને ઝારખંડમાં કંપની નાખે છે. જ્યાં મોટી કંપનીઓ નાની નાની ઈન્ડસ્ટ્રીઝ ખોલેછે. જ્યાં કંપનીને જરૂરી ફેસિલિટી મળતી નથી.

૨. દેશની કંપની સામે સ્પર્ધક તરીકે મુખ્ય China થી થતી આયાતી દવાઓ છે. કારણ કે તે નીચા ખર્ચે ઉત્પાદન કરવામાં આવતી હોવાથી નીચી કિંમતે વહેંચવામાં આવેછે જેને કારણે દેશની કંપનીઓની માંગ પર અસર પડે છે.

૩. નવી પેટન્ટ નિયંત્રણ સાથે ફોરેનની કંપનીઓ વિશાળ માળખા સાથે દેશમાં પ્રવેશે છે જે પુરવઠો અને કિંમત બંને પર અંકુશ રાખી દેશની કંપનીઓને પાછળ પાડે છે.

૪. દેશમાં જ મોટી ફાર્મા કંપનીઓ હોવાથી તેઓની વચ્ચે સ્પર્ધાત્મક વાતાવરણ સર્જાય છે. તંદુરસ્તી સ્પર્ધા કંપનીને વિકાસ કરવામાં મદદ કરે છે.

૫. મૂડીરોકાણમાં વધારા પછી પણ બજારમાં આગળ પડતું સ્થાન ધરાવતી કંપનીઓ જેવીકે રેનબેક્સી અને ડૉ. રેડ્ડીસ્ લેબોરેટ્રીસ તેમની આવકનાં માત્ર 5 થી 10 ટકા સંશોધન અને વિકાસ પાછળ ખર્ચે છે. પશ્ચિમનાં ફાર્માસ્યુટીકલ્સ જેવા કે PFizer જેનું છેલ્લા વર્ષોનું સંશોધનનું બજેટ સમગ્ર ભારતીય ફાર્માસ્યુટીકલ ઉદ્યોગની આવક કરતાં વધુ હતું.

૬. આ ઉદ્યોગમાં જોખમનું પ્રમાણ વધુ છે. આથી કંપનીઓની સંખ્યા પ્રમાણમાં ઓછી રહેવા પામી છે.

૭. એનીમલ રાઈટ્સ એક્ટીવીટી આ ઉદ્યોગ સામે પડકારરૂપ બની રહી છે.

૮. ગણતરીઓ અને દાવાઓ આ ઉદ્યોગમાં વિરોધાભાષી હોય છે. કારણ કે નિયંત્રણ માટેનું અમલીકરણ અને ઉદ્યોગનું ટેક્ષ ક્રેડિટ વડે તથા સંશોધન માટેની ગ્રાન્ટની સંયુક્ત રીતે ફાળવણીને સબસિડાઈઝેશન કરવામાં આવ્યું હોય છે.

૯. ભારતીય ફાર્મા ઉદ્યોગ શૈક્ષણિક સહકારની ખામી ધરાવે છે.

★ ★ ★

# ભારતીય હીરા ઉદ્યોગ

''હીરો'' ઈતિહાસમાં કોઈપણ મનુષ્યની સૌંદર્યની ઈચ્છાને પુરી કરનારો સૌથી આકર્ષક કુદરતી. પદાર્થ છે. ઈસાની પ્રથમ સદીમાં થયેલ રોમને નિસર્ગવાદી ''પ્લીની'' એ કહ્યું હતું કે, ''બધા જ કિંમતી પથ્થરોમાં જ નહીં પણ જગતનાં તમામ પદાર્થોમાં ''હીરો'' એ સૌથી વધુ મૂલ્યવાન પદાર્થ છે.'' એવું કહેવાય છે કે આજથી છ હજાર વર્ષ પૂર્વે સૌ પ્રથમવાર કૃષ્ણા, ગોદાવરી, પેનર નદીઓ પાસેના વિસ્તારો માંથી ''હીરા'' મળી આવ્યા હતા. એવું પણ કહેવાય છે કે કાંપવાળી ભૂમિમાંથી ખૂબ જ કિંમતી 'વજ્ર હીરા' પણ મળી આવ્યા હતા. ખાસ કરીને ગોલકોન્ડાની હીરાની ખાણ આખા જગતમાં ખ્યાતિ પામી હતી. ગોલકોન્ડાની ખાણમાંથી નીકળેલાં પ્રખ્યાત હીરા - ''દરિયા એ-નૂર'' નૂર-અલ-ઈન હીરો, કોહિનુર, હોપ ડાયમન્ડ અને રીજીન્ટ ડાયમન્ડ વગેરે. જગ વિખ્યાત હીરો ''કોહીનુર'' સૌથી મોટો ગણાતો હતો. તે પંજાબના રાજા રણજીતસિંહ પાસે હતો. છેલ્લે એ અતિ કિંમતી પણ શાપિત મનાતો ''હીરો'' બ્રિટીશરો લઈ ગયા હતા. હાલમાં પણ તે બ્રિટનના કબજામાં જ છે. આ સિવાય બીજા અનેક હીરાઓ જેવાં કે ઓલવ, રીજીન્ટ, ડાયમન્ડ જાણીતાં છે. એક ''હોપ ડાયમન્ડ'' પણ છે. જે હિંદુ દેવી માતા સીતાની મૂર્તિ રહેલી ''એક આંખ'' રૂપે હતો અને ચોરી લેવામાં આવ્યો છે. તે પણ શાપિત ડાયમન્ડ કહેવાય છે. ભારત દેશમાં ''હીરો'' એ સૌદર્યનું પ્રતીક ઉપરાંત તેની સાજા કરવાની શક્તિ અને આસુરી તત્ત્વોને દુર રાખવાની શક્તિ માટે અત્યંત પૂજનીય ગણાય છે. યુદ્ધ ક્ષેત્રમાં રક્ષા કરવા માટે પણ ''ડાયમંડ''નો ઉપયોગ થયો છે. આપણા ભારત દેશમાં તો ''ડાયમંડ'' ઉપરાંત અલગ અલગ ગ્રહ દેવતાઓનાં કિરણોને જન્મકુંડળી અનુસાર પોતાના શરીરમાં લાવવા માટે જુદાં જુદાં પ્રકારનાં ગ્રહોનાં નંગની વીંટી બનાવી યોગ્ય બ્રાહ્મણ પાસે મંત્ર જાપ કરાવી ધારણા કરવાનો હજારો વર્ષોથી રિવાજ પ્રચલિત છે. તે જ રીતે આનંદ, સુખાકારી, સૌદર્ય, ઉત્સાહ અને વિજય માટે અલગ અલગ પ્રકારનાં ''ડાયમંડ'' ને જ ધારણ કરવાનો રિવાજ છે. કૌટિલ્ય ઉર્ફે ચાણક્યનાં અર્થશાસ્ત્રમાં પણ હીરાના વ્યાપારની વાત કરવામાં આવી છે. આમ ભારતમાં હીરા, રત્નો, સોના, ચાંદી વગેરેનું મહત્વ રોજીંદા જીવનમાં (હજારો વર્ષોથી) સ્વીકારવામાં આવેલ છે.

ઈ.સ. પૂર્વે ૩૨૭ માં જ્યારે સીકંદરે ભારત પર આક્રમણ કર્યું હતું. પણ તેણે પીછે હઠ કરીને પાછા જવું પડયું હતું. તે વખતે સીકંદર ભારતમાંથી કેટલાંક ''બહુમૂલ્ય હીરા'' લઈ જવા માટે સફળ થયો હતો. તે પછી ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાંથી જ ભારતમાંથી ''હીરા'' બેબિલોન, મેસોપોટેમીયા, ઈજીપ્ત અને આરબ રાષ્ટ્રો અને યુરોપમાં વેચાણ અર્થે જવા લાગ્યા હતાં. ઈ.સ. પૂર્વેથી લઈને લગભગ ૧૭ મી સુધીના અંત ભાગ સુધી ભારતનો હીરા ઉદ્યોગ સારી રીતે ચાલતો હતો. ત્યારબાદ તેની પડતી થઈ. ભારતનો આ હીરા ઉદ્યોગ લગભગ અઢારમી સદીના મધ્યભાગમાં પડી ભાંગ્યો. કારણ કે તે જ કાળે ઈ.સ. ૧૭૨૫ માં બ્રાઝિલમાંથી હીરાની ખાણો મળી આવી અને તેનો વ્યાપાર વધી ગયો. આ ઉપરાંત ૧૮૭૦ ની આસપાસમાં દક્ષિણ આફ્રિકામાં હીરાના ક્ષેત્રો મળી આવવાથી પણ ભારતના હીરાં ઉદ્યોગને વિપરીત અસર થઈ હતી. આ ઉપરાંત કેનેડા, ઝિમ્બાવે, અંગોલા અને રશિયામાં પણ એ હીરાની ખાણો મળી આવી હતી. આ સિવાય અમેરિકામાં અર્કનસાસ, કોલોરાડો, વ્યોમિંગ અને મોન્ટાના રાજ્યોમાં પણ હીરાનાં ક્ષેત્રો મળી આવેલ છે. વર્તમાનમાં સૌથી વધુ હીરા રશિયાની ખાણોમાંથી નીકળી આવે છે.

| | |
|---|---|
| (૧) ભારતીય હિરા ઉદ્યોગનું કદ | ભારતનાં હાલના હીરા ઉદ્યોગનું ટર્નઓવર રૂા. ૬૦૦૦/- કરોડ થી પણ વધુ છે. હાલમાં આ ઉદ્યોગને જગતનાં સૌથી વધુ ઝડપથી વિકસતાં હીરા બજાર તરીકે ઓળખવામાં આવે છે. |

| | |
|---|---|
| (૨) ભૌગોલિક વિતરણ | ખાસ કરીન સુરત, મુંબઇ અને ગુજરાતના અન્ય શહેરોમાં |
| (૩) વાર્ષિક ટર્નઓવર | ભારતના હીરા ઉદ્યોગે સન ૨૦૦૭-૦૮ માં ૫૬૬ બીલીયન ડોલર્સનાં પોલીસ્ડ ડાયમન્ડઝ ની નિકાસ કરી હતી. |
| (૪) વિશ્વ બજારમાં ટકાવારી | આખા જગતમાં ડાયમન્ડ કટીંગ અને પોલીશીંગમાં ભારત ૬૦% થી વધુ ભાગ ધરાવે છે. જયારે સંખ્યાની દ્રષ્ટિએ આખા જગતનાં હીરાઓમાંથી ૯૨% હિસ્સો ભારતની છે. જયારે વોલ્યુમની દ્રષ્ટિએ ૮૫% હિસ્સો ભારતનો છે. |
| (૫) બજારમાં મૂડીરોકાણ | હીરા ઉદ્યોગના રૂા. ૯૦૦૦ હજાર કરોડમાં ભારત ૧૫% હિસ્સો ધરાવે છે. અને વાર્ષિક ૪૦% ના દરે ભારતનો હિસ્સો વધી રહ્યો છે. આજે ભારત આખા વિશ્વમાં હીરા ઉદ્યોગનું, મુખ્ય કેન્દ્ર બની ગયું છે. આજનો હીરા ઉદ્યોગ રત્નોના કારોબારમાં પાયોનિયર છે અને પોલીસ્ડ અને પાસાં પાડેલાં હીરાઓનાં ઉત્પાદનમાં જગતમાં અગ્રીમ સ્થાન ધરાવે છે. આખા વિશ્વનાં જર-ઝવેરાતમાં વપરાતાં દસ હીરામાંથી લગભગ નવ હીરાભારતમાંથી નિકાસ કરવામાં આવે છે ભારતીય હીરા ઉદ્યોગ મુખ્યત્વે હીરા અને કટીંગ, પોલીશીંગ અને નિકાસ સાથે સંકળાયેલ છે. |

→ ભારતના હીરા ઉદ્યોગના કારીગરો તમામ પ્રકારનાં હીરાઓનો યોગ્ય આકાર અને કદ આપવાની વિશિષ્ટ આવડત ધરાવે છે. તદ્દુપરાંત દરેક પ્રકારનાં રંગીન રત્નોની પહેલ પાડવાની કુશળતા ધરાવે છે. હાલમાં ગુજરાતનાં અમદાવાદ, ભાવનગર, સુરત વગેરે શહેરોમાં તેમજ મહારાષ્ટ્રમાં મુંબઇ ખાતે હીરાને કટ કરવાનાં અને પોલીશ કરવાનાં કેન્દ્રો છે. આજે ભારતના હીરા ઉદ્યોગનાં લગભગ ૧૦ લાખ થી વધુ માણસો કામ કરે છે. જે આખા જગતમાં હીરા ઉદ્યોગના કારીગરી નો ૯૫% જેટલો હિસ્સો થાય છે.

→ ત્રીસેક વર્ષ પહેલાં ભારતનો હીરા ઉદ્યોગ સાવ નાના પાય પર અને વેર-વિખેર ગૃહ ઉદ્યોગ જેવી સ્થિતિમાં હતો. પરંતુ આજે આ ઉદ્યોગ ખૂબ જ આધુનિક, યાંત્રિક રીતે સક્ષમ અને મોટા પાયા પર વિકાસ પામ્યો છે. હાલમાં ભારતની મધ્યમ અને વિશાળ ડાયમંડ ફેકટરીઓ આધુનિક આર્ટલેસર મશીન્સ અને લેથ મશીન્સ વગેરે હોવાથી ખૂબ જ સારી રીતે કાર્ય થઇ રહ્યું છે. આમ છતાં, ભારતમાં હજારો વર્ષોથી પરંપરાગત રીતે ચોક્કસ શૈલીથી હીરા, રત્નો અને જુદા જુદા પ્રકારની જર-ઝવેરાત બનાવનાર કુટુંબોની પ્રથા હજુ પણ અસિતત્વ ધરાવે છે. આ પ્રકારનાં વિશિષ્ટ પરંપરાગત શૈલી આંતરરાષ્ટ્રીય ધોરણ પણ ખૂબ પ્રશંસા પામી છે. હાલમાં, ભારતનાં સ્થાપિત જવેલરી ડીઝાઇન પેઢીઓ ઉપરાંત અનેક નવાં યુવાન ફેશન ઝવેલરી ડિઝાઇનર્સ જગતનાં હીરા ઉદ્યોગમાં ઉભરી આવ્યાં છે.

→ ભારતમાં જેમ એન્ડ જવેલરી એકસપોર્ટ પ્રમોશન કાઉન્સીલ (GJEPC) ની રચના ઈ.સ. ૧૯૬૬ માં થઇ. એ કાઉન્સીલે સરકાર અને હીરા ઉદ્યોગ વચ્ચે વ્યવસ્થિત સમજણ અને સમજૂતી કરવામાં યોગ્ય ભાગ ભજવ્યો છે. જવેલરી ઉદ્યોગમાં યોગ્ય નીતીમત્તા જળવાઇ રહે તેમજ રત્નો અને જવેલરીની નિકાસમાં મદદરૂપ થવાનું મુખ્ય કાર્ય આ કાઉન્સીલ સંભાળે છે.

→ ભારત સરકારે હીરા ઉદ્યોગના વિકાસ માટે ''બોન્ડેડ વેરહાસીઝ'' પણ ઉભા કરવાની છુટ્ટી આપી છે. જયાં પરદેશથી લાવેલાં હીરા રાખી શકાશે અને વેચી શકાશે. જે હીરા ન વેચાય તેને ડયુટી કે ટેક્ષ ભર્યા વિના પાછા પરદેશ મોકલી શકાશે. આ ઉપરાંત ભારત સરકારે રત્નો અને જવેલરીના વેચાણમાં મદદરૂપ

થવા તેમજ તેની નિકાસમાં ઉત્તેજન આપવા એક્સપોર્ટ પ્રમોશન. ઝોન (EPZ) અને સ્પેશિયલ ઈકોનોમીક ઝોન (SEZ) ની રચના કરી છે.

**આજની ટોચની હીરા ઉદ્યોગની કંપનીઓઃ -**

| | |
|---|---|
| (૧) એડોરા (Adora) | મુંબઈ આધારિત જ્વેલરી કોર્પોરેશન દ્વારા શરૂ કરાયેલી ડાયમન્ડ બ્રાન્ડ છે. આ બ્રાન્ડ જીવનમાં પ્રેમ અને ઉજવણીના વિષય પર આધારિત છે. ભારતની 'બુલબુલ'' લતા મંગેશકર આ બ્રાન્ડ પર વિશ્વાસ ધરાવે છે. |
| (૨) તનિષ્ક (Tanishq) | ભારતની સૌથી વધુ લોકપ્રિય હીરા અને ઘરેણાંની બ્રાન્ડ છે. આ બ્રાન્ડની શરૂઆત ટાટા જુથ દ્વારા ૧૯૯૫ માં થઈ હતી. આ બ્રાન્ડ ૬૧ શહેરોમાં ૮૪ જેટલાં શો રૂમ ધરાવે છે. |
| (૩) કીઆહ (Kiah) | શીતલ મેન્યુફેકચરીંગ કંપની દ્વારા ઓકટોબર ૨૦૦૪ માં સ્ટાઈલીશ અને આકર્ષક ડિઝાઈનવાળી બ્રાન્ડ શરૂ કરવામાં આવી હતી. |
| (૪) નિર્વાણ (Nirvana) | ફાઈન જ્વેલરી(ઇ) લીમીટેડ દ્વારા આધુનિક, સ્વતંત્ર, ફેશન પરસ્ત સ્ત્રીઓ માટે આ કંપનીની જ્વેલરી વગેરે રજુ કરવામાં આવી છે. |
| (૫) ડી'દમાસ (D' damas) | ડી'દમાસ ભારતનું ગીતાંજલી કોમીક ગ્રુપના એક ભાગ રૂપે ૧૯૬૬માં સ્થાપવામાં આવેલ છે. |
| (૬) કલ્યાણ જ્વેલર્સ | શ્રી ટી.એસ. કલ્યાણ રમણએ કલ્યાણ જ્વેલર્સના ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર છે. તેમની કલ્યાણ જ્વેલર્સ એ ભારતની સૌથી મોટી શૃંખલા ધરાવતી કંપની છે. જેનું વાર્ષિક ટર્ન ઓવર રૂા. ૮૫૦૦/- કરોડથી પણ વધુ છે. તેમણે માત્ર ૧૨ વર્ષની ઉંમરે તેમનાં પિતાની ટેક્ષટાઈલની દુકાને જઈ ધંધો શીખવાનું શરૂ કર્યું હતું. ટેક્ષટાઈલ ઉદ્યોગમાં અનુભવ મેળવી તેમણે ૧૯૯૩માં રૂા. ૭૫ લાખનાં રોકાણથી ''કલ્યાણ જ્વેલર્સ'' ની સ્થાપના કરી. આજે તેમનો જ્વેલરીનો બીઝનેસ આખા ભારતમાં ફેલાયેલો છે. આપણા અમદાવાદ શહેરમાં પણ તેમણે આંબાવાડી ખાતે ''કલ્યાણ જ્વેલર્સ'' નાં ભવ્ય શોરૂમની સ્થાપના કરી છે. આ શોરૂમનું ઉદ્ઘાટન મહાન અભિનેતા શ્રી અમિતાભ બચ્ચન આવ્યા હતાં. |
| (૬) જોયાલુકાસ | શ્રી જોયાલુકાસ તેમનાં પિતાના જ્વેલરીનાં શો રૂમમાં ધંધો શીખ્યા. મોટા થઈને તેમણે યુ.એ.ઈ. એટલે કે (દુબઈ, શારજાહ, અલ-એઈન, રસ-અલ-ખીમાહ) વગેરે આરબ દેશોમાં સૌ પ્રથમવાર આ ધંધો વિકસાવ્યો અને તેમને ISO 9001 અને ISO 14001નાં સર્ટીફિકેટથી નવાજવામાં આવ્યા. |

**રોજગારીની તક :**

હીરા ઉદ્યોગમાં કાચા હીરાં, અર્ધકિંમતી હીરાઓને પહેલ પાડવા માટે કુશળ કારીગરો અને નિષ્ણાંતોની જરૂર પડે છે. હાલમાં ભારતમાંથી જ્વેલલરીની નિકાસ વધી હોવાને લીધે અને અનેક આંતરરાષ્ટ્રીય કંપનીઓના આ ઉદ્યોગમાં પ્રવેશને કારણે ભારતમાં આ ઉદ્યોગમાં યોગ્ય વ્યક્તિઓને રોજગારીની ખૂબ જ સારી તક ઉતપન્ન થઈ છે.

# ભારતમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીનો ઈતિહાસ

*કોઈપણ ધંધા અને ઉદ્યોગોના કાર્યો માટે માહિતી સંગ્રહ કરવા, તેને પાછી ફરી મેળવવા, એક જગ્યાથી બીજી જગ્યાએ મોકલવા કે તેને જુદી જુદી રીતે ઉપયોગ કરવા માટે કોમ્પ્યુટર્સ અને સંદેશા વ્યવહારના બીજા સાધનોનો ઉપયોગ તેને ઈન્ફર્મેશન ટેકનોલોજી કહેવામાં આવે છે.*

---

**ઈન્ફર્મેશન ટેકનોલોજીના સંસાધનો**

*(૧) દરેક પ્રકારનાં ટેલીફોન, રેડીયો અને સંદેશાવ્યવહારનાં સાધનો.*

*(૨) દરેક પ્રકારનાં કોમ્પ્યુટર્સનાં સાધનો જેનો ઉપયોગ ડેટા સ્ટોરેજ માટે તથા જુદા જુદા પ્રોગ્રામ્સ માટે થાય છે.*

---

*ક્લાઉડ શેનોનને (જન્મ ૩૦ એપ્રિલ ૧૯૧૬ - અવસાન તા. ૨૪-૨-૨૦૦૧) ઈન્ફર્મેશન થીયરીનાં પિતા ગણવામાં આવે છે. તેઓ એક અમેરિકન ગણિતજ્ઞ, ઈલેક્ટ્રીકલ એન્જીનીયર અને ક્રિપ્ટોગ્રાફર હતાં. ઈ.સ. ૧૯૪૮ માં તેમણે ઈન્ફમેશન થીયરીનું ગાણિતીક રૂપ તેમનાં સંશોધન દ્વારા પ્રગટ કર્યુ હતું. જેના આધાર પર આજની ઈન્ફર્મેશન થીયરીનું વાસ્તવિક સ્વરૂપ શક્ય બન્યું છે. આ ઈન્ફર્મેશન થીયરી પરથી ઈન્ફર્મેશન ટેકનોલોજીનો વિકાસ કરવામાં આવ્યો છે.*

---

ભારતમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીનાં મુખ્ય બે ઘટકો છે.

(૧) આઇ.ટી. સેવાઓ અને (૨) બિઝનેસ પ્રોસેસ આઉટ સોર્સિંગ (BPO), તો

→ ભારતનાં જી.ડી.પી.માં ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રનાં યોગદાનનો ૧૯૯૮ માં ૧.૨% થી સન ૨૦૧૨ સુધીમાં માં ૭.૫% સુધીનો વધારો નોંધાયો છે.

→ નાસકોમ (NASSCOM) અનુસાર ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે કુલ આવક ૧૦૦ બીલીયન યુ.એસ. ડોલર્સની ૨૦૧૨ માં થઈ હતી. જેમાંથી નિકાસ રેવન્યુ ટર્નઓવર. ૬૯.૧ બીલીયન યુ.એસ.ડોલર્સ જયારે ડોમેસ્ટીક ટર્નઓવર ૩૧.૭ બીલીયન યુ.એસ. ડોલર્સ હતું.

→ વર્તમાન સમયમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીએ ભારત દેશમાં એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. એક ધીમી ગતિએ ચાલતા ભારતીય અમલદારશાહી તંત્રવાળી ભૂમિને બદલે નવા સાહસિક ઉદ્યોગપતિઓની ભૂમિ બનાવવામાં ઈન્ફર્મેશન ટેકનોલોજીએ મહત્વની ભૂમિકા ભજવી છે.

→ ભારતનું આઇ.ટી. સેકટર ૨૫ લાખ લોકોને સીધી રોજગારી આપી રહ્યું છે. આ આંકડો દિન પ્રતિદિન વધતો જ જાય છે. આધુનિક વિશ્વમાં ભારત આઇ.ટી. ક્ષેત્રની સૌથી મોટી મુખ્ય રાજધાની બની ગયું છે અને જગતમાં આઇ.ટી. ક્ષેત્રની તમામ માંધાતા કંપનીઓ આપણાં દેશમાં કામ કરી રહી છે.

→ આઇ.ટી ક્ષેત્રની ૯૦% જેટલી નિકાસ બેંગલોર, હૈદ્રાબાદ, કોલકત્તા, ચેન્નઈ, ત્રિવેન્દ્રમ, નોઇડા, મુંબઇ અને પુણે જેવા મુખ્ય શહેરમાંથી થાય છે. આમાં બેંગલોરને તો ''સીલીકોન વેલી ઓફ ઇન્ડિયા'' તરીકે ઓળખવામાં આવે છે. કારણ કે તે આ બધામાં સૌથી વધુ આઇ.ટી. ની નિકાસ કરે છે. આઈ.ટી. ક્ષેત્રની કુલ રેવન્યુમાંથી ૩૩% રેવન્યુ તો માત્ર બેંગલોરમાંથી થતા આઇ.ટી. ના નિકાસમાંથી જ આવે છે.

→ આઇ. ટી. ક્ષેત્રની ભારતની કુલ નિકાસ ૧૯૯૮ ના વર્ષમાં માત્ર ૪% હતી. જે વધીને ઇ.સ. ૨૦૧૨ માં ૨૫% થઇ ગઇ છે. શ્રી ગાર્ટનરે જણાવ્યા મુજબ ટાટા કન્સલટન્સી, ઈન્ફોસીસ, કોઝીનન્ટ, વિપ્રો અને એચ.સી. એલ. ટેકનોલોજી લિ. કંપનીઓ સૌથી ટોચની છે. જેમણે આઇ.ટી. સેવાઓ પૂરી પાડી છે.

→ ભારતમાં ૧૯૯૧ પછી વૈશ્વિક ઉદારીકરણને પગલે બધાં જ ક્ષેત્રોમાં પરિવર્તનનો પવન ફૂંકાયો.

→ સન ૧૯૯૧ માં ભારત સરકારના ઈલેકટ્રોનિક્સ મંત્રાલયે ''સોફ્ટવેર ટેકનોલોજી પાર્કસ ઓફ ઈન્ડિયા'' (STPI)ની સ્થાપના કરી જે કોઈપણ કંપનીને VSAT કોમ્યુનિકેશન માટે લાયસન્સ, પરમીશન આપવાની મોનોપોલી સત્તા ધરાવતું હતું. આ એસ.ટી.પી.આઈ. (STPI) એ ભારતનાં જુદાં જુદાં શહેરોમાં સોફ્ટવેર ટેકનોલોજી પાર્કનું નિર્માણ કર્યું, જેને સેટેલાઈટ લીંક્સ આપવામાં આવી. આ ''સેટેલાઈટ લીંક્સ'' નો ભારતની કંપનીઓ યોગ્ય ફી ચૂકવી પોતાનાં ઉદ્યોગ માટે ઉપયોગ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી.

→ ત્યારબાદ ૧૯૯૩ થી ભારત સરકારે જુદી જુદી કંપનીઓને તેમની પોતાની જ સેટેલાઈટ લીંક્સપ આપવાનું શરૂ કર્યુ. આ કંપનીઓ તેમણે ભારતમાં કરેલા કાર્યને અમેરિકા તથા અન્ય દેશોમાં મોકલી આપવા માટે સક્ષમ થવાથી આ ઉદ્યોગે હરણફાળ ભરી.

→ ઈ. સ. ૧૯૯૧ પછી વૈશ્વિકરણ અને આંતરરાષ્ટ્રીય આર્થિક જોડાણને લીધે ભારતીય અર્થતંત્રમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું અને અર્થતંત્રમાં અનેક આર્થિક સુધારા થયા. તેને કારણે ઈ.સ. ૧૯૯૩ થી ૨૦૦૨ સુધીમાં ભારતનો આર્થિક વિકાસ દર ૬% થી વધુ થયો હતો.

→ સન ૧૯૯૯ ની વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજીની. સરકારે ઈન્ફમેશન ટેકનોલોજી અને સોફ્ટવેર ડેવલપમેન્ટ માટે ઈન્ડિયન નેશનલ ટાસ્ક ફોર્સની રચના કરી. એટાસ્ક ફોર્સની ભલામણોને આધારે ભારત સરકારે ''ન્યુ ટેલી કોમ્યુનિકેશન પોલીસી ૧૯૯૯'' જાહેર કરી છે ! આ નીતિને આધારે ભારતમાં ટેલી કોમ્યુનિકેશન ક્ષેત્રે અનેક સુધારા થયા. સન ૨૦૦૦ માં ભારત સરકારે ઈન્ફમેશન ટેકનોલોજી એક્ટ બહાર પાડી ઈલેક્ટ્રોનિક મીડિયાના વ્યવહારો તથા ઈ-કોમર્સ માટેનાં વ્યવસ્થિત કાયદાઓ બનાવ્યા.

→ ઈ.સ. ૨૦૦૦ સુધીમાં ભારતના લગભગ ૧૭ લાખ જેટલાં પ્રોફેશનલ્સ અમેરિકા ગયા. ભારતની આઈ.આઈ.ટી. નાં સ્નાતકોની અમેરિકામાં માંગ વધી. તેમની ક્ષમતાની કદર થઈ. ઈર્ન્ફમેશન ટેકનોલોજીને લીધે ભારતમાં પણ કોમ્પ્યુટરના નિષ્ણાંતોની શૃંખલા તૈયાર થઈ જેને લીધે સમગ્ર ભારતમાં ક્રાંતિકારી પરિવર્તનો આવ્યા. સ્કીલ્ડ વર્કફોર્સ અને માહિતી સંચારના અદ્‌ભુત સ્રોત તરીકે ભારતની નામના વધવાને કારણે આખા જગતના દેશો સાથેના સંબંધોમાં સાનુકુળ પરિવર્તનો આવ્યા.

→ ઈન્ફમેશન ટેકનોલોજીના વિકાસને લીધે જ ''બેંગલોર'' આજે ''સીલીકોન વેલી ઓફ ઈન્ડિયા'' તરીકે ઓળખાવા લાગ્યું છે અને ભારતની આઈ.ટી. નિકાસમાં લગભૃગ ૩૩% ફાળો બેંગલોરનો જ છે.

**મુખ્ય આઈ.ટી. હબ :**

(૧) બેંગલોર (૨) હૈદ્રાબાદ (૩) ચેન્નઇ (૪) દિલ્હી (૫) મુંબઇ (૬) પુણે (૭) કોલકત્તા (૮) કોઈમ્બતુર (૯) ભુવનેશ્વર (૧૦) થીરૂવનંથપુરમ (૧૧) કો.ચી.

**રોજગારી :**

આઈ.ટી. ક્ષેત્રની અભૂતપૂર્વ પ્રગતિને કારણે ૨૦૧૨ ના વર્ષ સુધીમાં આ ક્ષેત્રમાં ૨૮ લાખ લોકોને સીધી રોજગારી મળી છે. જયારે લગભગ ૯૦ લાખ લોકો આડકતરી રીતે આ ક્ષેત્રમાંથી રોજગારી મેળવી રહ્યાં છે. આ ક્ષેત્રની અસાધારણ પ્રગતિ ભારતની યુવા પેઢીને કારણે છે. આજે ભારત માં લગભગ ૫૦ કરોડની આસપાસ યુવાધન શાળા કોલેજોમાં શિક્ષણ લઇ રહ્યું છે. આ યુવાધ કમ્પ્યુટર અને અંગ્રેજી ભાષાનાં જ્ઞાન માટે વધુ તત્પર અને જાગ્રત બન્યું છે.

## ધંધા અને ઉદ્યોગોમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીના ઉપયોગના ફાયદા અને ગેરફાયદા

ફાયદા :૧ **ઉત્પાદનમાં વધારો અને સમયની બચત :** ઉદ્યોગો સ્વયંસંચાલિત કાર્યો માટે ટેકનોલોજીનો ઉપયોગ કરીને ફાયદો મેળવે છે. દા.ત. એક બેકરીમાં રૂમનું ટેમ્પરેચર માપવાના ઓટોમેટિક ટેમ્પરેચર સેન્સર્સ લગાવ્યા છે. તો તે સેન્સર્સ રૂમનાં ઉષ્ણતામાનમાં થતો વધારો/ઘટાડો માપીને તરત મુખ્ય ઓપરેટરને મોકલશે. જેનાં આધારે તે યોગ્ય નિર્ણય લઈ શકશે. આનાથી બેકરી પ્રોડકટસની ગુણવત્તા જળવાઈ રહે છે અને સમય બચી જાય છે

ફાયદાઃ ૨ **સંદેશાવ્યવહારમાં સાધનો દ્વારા વધુ સારો સંદેશાવ્યવહાર :** આધુનિક વૈજ્ઞાનિક યુગમાં ફોન, મોબાઈલ, ઈલેક્ટ્રોનિક મેલ, વીડીયો-કોન્ફરન્સ, ડેટાબેઝ, ટ્વીટર, ફેસબુક, વગેરે સંદેશાવ્યવહારનાં સાધનોને લીધે કોઈપણ વ્યવસ્થાતંત્રની અંદર તેમજ બહાર સંદેશાવ્યવહાર / માહિતીની આપ-લે ખૂબ ઝડપી અને સરળ બની છે. કંપનીના કર્મચારીઓ કોઈપણ જાતનાં અંતરાય વગર એક વિભાગમાંથી બીજા વિભાગમાં સરળતાથી માહિતીની આપલે કરી શકે છે. ઈ-મેઈલ, ઈ-ફેકસ, મોબાઈલ તથા ટેક્ષ મેસેજને કારણે ઉદ્યોગોનાં માલિક, ધંધાના પાર્ટનર્સ, સપ્લાયર્સ અને કસ્ટમર્સ વગેરે વચ્ચે માહિતીની આપ-લે ખૂબજ ઝડપી અને સરળ બની છે.

ફાયદાઃ૩ **માહિતી સંગ્રહ અને ફાઈલ સંચાલનમાં સુધારો :** સાધારણ રીતે હવે બધાજ ધંધાકીય વ્યવસ્થાતંત્રમાં ધંધાકીય એકમને લગતી તમામ માહિતીઓ, ડેટા વગેરે વ્યવસ્થિત રીતે કોમ્પ્યુટર્સમાં સંગ્રહિત કરવામાં આવતી હોય છે. અને તેનો ઉપયોગ જયારે પણ જરૂર પડે ત્યારે કરવામાં આવતો હોય છે. આના કારણે વધારાનાં કાગળોની આપ-લે ખર્ચ બચી જાય છે સાથે જોઈતી માહિતી ઝડપથી મળી રહે છે અને તેનું આદાન પ્રદાન ઝડપથી થાય છે. ડ્રોપ બોક્ષ. કોમ **(Drop Box.com)** જેવી સેવાઓને લીધે ધંધાકીય એકમોના માલિકોને કોઈપણ સમયે કે સ્થળે જે કાંઈ માહિતી કે ડેટા જોઈતો હોય તો ઉપલબ્ધ થાય છે. કોઈપણ ધંધાકીય એકમ માટે માહિતી અને ડેટા અત્યંત મહત્વનાં સાધનો છે. એટલે તેની સાચવણી ખૂબ જરૂરી છે અને જયારે જરૂર પડે ત્યારે તે મળી શકે તે પણ ખૂબ અગત્યનું છે.

ફાયદા : ૪ **નાણાકીય સંચાલનમાં સુધારો : Quick Books, Book Keeper, Sage 50, Account Edge,** વગેરે કોમ્પ્યુટર્સનાં પ્રોગ્રામ્સ ધંધાકીય હિસાબોને સારી રીતે રાખવા માટે ઉપયોગમાં લેવાય છે. અપૂરતા કે ઓછી જાણકારી વાળા ધંધાકીય એકમોના માલિક પણ કોમ્પ્યુટર્સ પ્રોગ્રામનો લાભ લઈ આ બધાં નાણાકીય હિસાબોનો વ્યવસ્થિત પ્રોગ્રામ બનાવી શકે છે. કારણ કે, આ બધા પ્રોગ્રામ્સમાં દરેક પ્રકારનું માર્ગદર્શન આપવામાં આવે છે જેથી તેનાં ઉપયોગ કરનારને મુશ્કેલી પડે તો દૂર થાય.

ફાયદા : ૫ **ખર્ચમાં ઘટાડાને રોકાણ પર ઉપજ / નફો / વળતર / વ્યાજમાં વધારો :** સંદેશા વ્યવહારનાં આધુનિક ટેકનોલોજીવાળા સંસાધનો અને સોશીયલ ટેકનોલોજીનાં ઉપયોગે ધંધાકીય એકમોનું પ્રમોશન અને નવા પ્રોડકટનું લોન્ચ ખૂબ વ્યાજબી અને સરળ કરી દીધું છે. ઘણાં નાના એકમોને આ સોશીયલ ટેકનોલોજીનાં ઉપયોગથી ઓછામાં ઓછાં ખર્ચે પોતાનાં પ્રોડકટ

બ્રાન્ડની જાહેરાત કરવાનાં રસ્તા ઉપલબ્ધ થયાં છે. ધંધાકીય એકમમાં પ્રગતિ અને વિકાસ માટે કોઈપણ કાર્યનો ઉત્પાદક ખર્ચ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. એટલા માટે જ ધંધાકીય એકમનો ઉત્પાદન ખર્ચ ઓછો થાય તેમજ રોકાણ પર વધુ વળતર મળે તે માટે ઈન્ફર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ કરે છે તેનાથી એકમનો વિકાસ થાય છે.

ફાયદા : ૬ **ઉદ્યોગો-ગ્રાહકો વચ્ચેનાં સંબંધોમાં સુધારો :** હાલના આધુનિક સમયમાં બધાજ ધંધા / ઉદ્યોગો ''સોશીયલ મીડીયા'' નો ઉપયોગ કરીને પ્રશંસકો અને ગ્રાહકો સાથે સંબંધો રાખી રહ્યાં છે. આનાં કારણે ધંધા/ઉદ્યોગોનો ગ્રાહકો સાથેનો એક મજબૂત નાતો બંધાય છે. જેનાં લીધે તેમનાં ધંધા / ઉદ્યોગોનો વધુ પ્રગતિ અને વિકાસ થાય છે.

ગ્રાહક સેવાઓને વધારવા કે સુધારવા માટે ઈન્ફર્મેશન ટેકનોલોજીનો અનેક રીતે ઉપયોગ થઈ શકે છે. દા.ત. ધંધાકીય એકમો કે ઉદ્યોગો પોતાનાં પ્રોડકટસની માહિતી અને વળતર વિશે ઈન્ટરનેટનાં માધ્યમથી ગ્રાહકોને જાણ કરી શકે છે. જેના કારણે ગ્રાહકો વિશેષતાની લાગણી અનુભવે છે અને પ્રોડટકસ ખરીદવા પ્રેરાય છે. દા.ત. હાલ સ્નેપડીલ, એમેઝોન / ગુગલ વગેરે કંપનીઓ ઈન્ટરનેટનાં માધ્યમથી અનેક પ્રોડકટસનું વેચાણ કરી રહી છે. આ પ્રકારનો ધંધો ખૂબજ ઝડપથી વિકસી રહ્યો છે. કંપનીઓ દ્વારા ગ્રાહકોને અપાતી સારી સેવા સ્પર્ધાત્મક વાતાવરણમાં ધંધાના વિકાસ માટેનું એક અતિ મહત્વનું સાધન બની ગયું છે.

ફાયદા : ૭ **ધંધો / ઉદ્યોગોના સ્પર્ધાત્મક ફાયદામાં વધારા / સુધારા કરે છે :** હાલના સમયની કંપનીઓ ઈન્ફર્મેશન ટેકનોલોજીનો સારી રીતે ઉપયોગ કરીને પોતાના હરિફો સામે સ્પર્ધાત્મક ફાયદો મેળવે છે. ઈન્ફર્મેશન ટેકનોલોજીના વ્યવસ્થિત ઉપયોગથી કંપનીના પ્રોડકટસ, અને સેવાઓમાં સુધારો થાય છે જેનાં લીધે કંપનીનાં ગ્રાહકો ખુશ થઈને કંપનીને વફાદાર રહે છે. આ ઉપરાંત આ વફાદાર ગ્રાહકો કંપનીના પ્રોડકટસનો પ્રચાર પોતાના મિત્રો, સગાસંબંધીઓના વર્તુળમાં કરીને કંપનીના વેચાણમાં વૃદ્ધિ કરી આપે છે.

આ ઉપરાંત ઈન્ફર્મેશન ટેકનોલોજી એ નવીનવી નોકરીઓની તક અને ટેકનોલોજી આધારિત ધંધા / ઉદ્યોગ ઉભા કરવામાં અતિ મહત્વનો ભાગ ભજવ્યો છે. માત્ર કોમ્પ્યુટર અને ઈન્ટરનેટનાં પાયાના સાધનોથી કોઈપણ સાહસિક પોતાનાં ઘરેથી ધંધો શરૂ કરી શકે છે.

આનું ઉત્તમ ઉદાહરણ છે. ગુગલ / એમેઝોન / ફેસબુક વગેરે ધંધા જે એક સામાન્ય ઘરેથી શરૂ થઈને આજે હજારોને રોજગાર આપી રહ્યા છે.

ફાયદા : ૮ **આનંદ પ્રમોદનાં સાધનોમાં સુધારો અને વધારો :** ઈન્ફર્મેશન ટેકનોલોજીએ 'એન્ટરટેઈનમેન્ટ' ઈન્ડસ્ટ્રીનો આકાર અને કદ બદલી નાંખ્યા છે. હવે વ્યકિત પાસે આનંદ / પ્રમોદ મેળવવા માટે અનેક પ્રકારની પસંદગીના અવસર છે. કોઈ વ્યકિત હજારો લાખો ગીતોમાંથી કોઈપણ પસંદ કરી હાથમાં રાખેલ આઈપોડ થી સાંભળી શકે છે અથવા બીજી કોઈપણ પસંદગીની ફિલ્મ જોઈ શકે છે કે રમત ગમતનો પ્રોગ્રામ જોઈ શકે છે. આ એક અભૂતપૂર્વ અનિયંત્રિત ક્રાંતિ છે.

ફાયદાઃ ૯ **સામાજીક સંબંધો કે સંશોધનમાં સુધારો** : ઈન્ફર્મેશન ટેકનોલોજીની લીધે હવે ભારતમાં કરોડો લોકો મોબાઈલનો ઉપયોગ કરી રહ્યાં છે. જુના-નવા મિત્રો સાથે સંપર્ક અને સંબંધ સરળતાથી સ્થાપિત થઈ જવાથી સામાજીક સંબંધોમાં સુધારો અને ગતિશીલતા આવી ગઈ છે. સામાજીક કાર્યો કરવાની સરળતા / સહજતા / વધી ગઈ છે. ઈ-મેઈલ / વ્હોટસ્ એપ / ફેસબુક / ટવીટરની મદદથી લાખો લોકો સાથે સંપર્ક / સંબંધ જાળવી શકાય છે.

ફાયદા :૧૦ **જ્ઞાનનું વૈશ્વિકરણ** : ઈન્ફર્મેશન ટેકનોલોજીના અદ્યતન સાધનો - કોમ્પ્યુટર્સ / ઈન્ટરનેટ / ફેસબુક / ટ્વીટર / મોબાઈલની મદદથી માહિતી અને જ્ઞાનનું વૈશ્વિકકરણ થઈ ગયું છે. આજે કોઈપણ વ્યકિત / ઈન્ટરનેટ મોબાઈલનાં ઉપયોગથી કોઈપણ દેશમાં થતી ઘટનાઓને જોઈ કે જાણી શકે છે. વિકીપીડીયા જેવી સેવાના માધ્યમથી પોતાને જોઈતી કોઈપણ માહિતી મેળવી શકે છે. તેનો યોગ્ય ઉપયોગ કરી શકે છે.

આમ ઈન્ફર્મેશન ટેકનોલોજીથી આખા વિશ્વમાં ક્રાંતિ આવી છે અને વિશ્વને તેનો ખૂબજ ફાયદો થયો છે.

ફાયદા :૧૧ **ઓન લાઈન એજ્યુકેશન** : હવે કોમ્પ્યુટર અને ઈન્ટરનેટ દ્વારા ઓનલાઈન શિક્ષણ મળવાને કારણે વિકાસશીલ અને અવિકસીત દેશોનાં વિદ્યાર્થીઓને પણ દરેક પ્રકારનું શિક્ષણ મળવાની તક ઊભી થઈ છે. જેને કારણે શિક્ષણની ક્ષિતિજ ખૂબજ વિસ્તાર પામી છે. અવિકસિત દેશોનાં વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ સારી નોકરીઓ મળવાની તક ઉત્પન્ન છે.

ફાયદા :૧૨ **શિક્ષણની નવીનવી રીત્તનું સર્જન થયું** : કોમ્પ્યુટર્સ અને ઈન્ટરનેટને કારણે શિક્ષણ માટેની જુદી જુદી રીતની વિડિયો ગેમ્સ અને પઝલ્સ બનાવવામાં આવી જે વિદ્યાર્થીઓનો શિક્ષણમાં વધુ રસ જગાડે છે. સ્કૂલના વિદ્યાર્થીઓ શિક્ષકોની મદદ વગર જ ઈન્ટરનેટનાં માધ્યમથી મનગમતાં વિષય વિશે સંશોધન કરી શકે છે અને આગળ વધી શકે છે.

ફાયદા :૧૩ **ઓનલાઈન બેન્કિંગ** : આજના સમયની બેંકો દરેક પ્રકારની આધુનિક સુવિધાઓ ધરાવતી થઈ ગઈ છે. એટલે બેંકના ખાતેદાર એ.ટી.એમ.થી પૈસા ઉપાડી શકે છે. પૈસા ટ્રાન્સફર કરી શકે છે. સ્માર્ટ કાર્ડનો ઉપયોગ કરી શકે છે. આમ, ખાતેદારોનો અને બેંકના કર્મચારીઓનો સમય બચી જાય છે.

ફાયદા :૧૪ **ઝડપી ક્રેડિટ** : ખાતેદારોની તમામ માહિતી હવે કોમ્પ્યુટર્સમાં સંગ્રહિત હોવાથી જયારે જોઈએ ત્યારે મળી શકે છે. ખાતેદારોને ક્રેડિટ કે લોન જોઈતી હોય તો તેની માહિતી તરત ઉપલબ્ધ હોવાથી બેંક મેનેજર જલ્દી નિર્ણય લઈ શકે છે.

**ધંધા અને ઉદ્યોગોમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીના ઉપયોગના ગેરફાયદા**

૧) **ખર્ચ (વધુ પડતા ખર્ચને કારણે) :-** નાના નાના ધંધાર્થીઓ ઈન્ફર્મેશન ટેકનોલોજીનો લાભ ના લઈ શકવાથી હરિફાઈમાં પાછા પડી જાય તેવી શકયતા રહે છે.

૨) **રોજગાર ઘટે :-** માણસને બદલે કોમ્પ્યુટર્સ / ઈન્ટરનેટ વગેરે દ્વારા કામ થઈ શકવાને કારણે કર્મચારીઓને છુટા કરી દેવામાં પણ આવી શકે છે જેનાં લીધે બેકારી વધી શકે છે.

૩) **સીકયુરીટી ભંગ :-** ઉદ્યોગો કે સંસ્થાઓ દ્વારા સંગ્રહિત કરાયેલી માહિતી કે ડેટા, તેના વિરોધીઓનાં હાથમા આવી જવાથી ખૂબ મોટું નુકસાન થઈ શકે છે. તેજ રીતે દેશનાં સંરક્ષણથી લઈને અનેક મહત્વના ક્ષેત્રની ગુપ્ત માહિતી જો કોઈ વિરોધી દેશ કે ખરાબ વ્યકિતના હાથમાં પડી જાય તો મોટું નુકસાન થઈ શકે છે.

૪) **ઈન્ટરનેટ સીકયુરીટી :-** ઈન્ટરનેટનાં માધ્યમથી વ્યાપાર કરનાર વેપારી ગ્રાહક પાસેથી કેટલીક નાણાંકીય માહિતી માંગતો હોય છે. આ માહિતી ગુપ્ત રાખવાની હોય છે. પણ જો કોઈ લેભાગુ માણસ તેનો દુરુપયોગ કરે તો ગ્રાહક / વેપારી બન્નેની મુશ્કેલી વધી જાય છે.

૫) **ખામીયુકત માલ :-** ઈન્ટરનેટનાં માધ્યમથી ખરીદાયેલ માલ કયારેક ખામીવાળો કે ખરાબ હોઈ શકે છે. જેનાં કારણે પૈસા / સમય વગેરેની બરબાદી થાય છે.

૬) **ગુપ્તતા :-** ઈ-કોમર્સ વેબસાઈટ વાળી કંપનીઓ તેનાં ગ્રાહકો પાસેથી ઘણી બધી અંગત માહિતી માંગતી હોય છે અને ગ્રાહકો ભોળેભાવે એ બધી માહિતી આપી દેતા હોય છે. આ વધારાની માહિતીના આધારે તેઓ ગ્રાહકોને પોતાની પ્રોડકટ્સ વેચવાની ઓફર કરતાં હોય છે.

૭) **સાઈબર સીકનેસ :-** કોમ્પ્યુટર્સ અને ઈન્ટરનેટનો વધુ પડતો ઉપયોગ વ્યકિતને એકાંતવાસી બનાવી દે છે. જેના કારણે સામાજીક અને લગ્નજીવનમાં મુશ્કેલીઓ ઊભી થાય છે.

૮) **સામાજીક અસર :-** કોમ્પ્યુટર્સ અને ઈન્ટરનેટમાં આવતી બધીજ માહિતી સારી અને સાચી જ હોય તે જરૂરી નથી. તેમાં ખરાબ અને ખોટી માહિતી પણ આવે છે. પોર્નોગ્રાફી / હિંસાવાળી વીડીયોઝ / બ્લૂગેઈમ જેવી રમતો વગેરે બાળકો / વિદ્યાર્થીઓનાં મન પર ખરાબ અસર ઉત્પન્ન કરે છે અને ખરાબ કૃત્યો કરવા મજબૂર કરે છે.

આ ઉપરાંત ઘણાં રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી સંસ્થાઓ અથવા વ્યક્તિઓ ખોટી ખરાબ અને માહિતી મોકલીને અરાજકતા ઊભી કરવાનો પણ પ્રયત્ન થઈ શકે છે.

★ ★ ★